દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
બુધવાર ૧૪ જાન્યુઆરી, ૨૦૨૬

માથાભારેપણુ કરીને ટ્રમ્પ અમેરિકા માટે જ મુશ્કેલી ઉભી કરી રહ્યા છે

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ આજકાલ ખૂબ માથાભારે વર્તન કરવા માંડ્યા છે. આમ તો તેમની છાપ એક અડબંગ નેતા તરીકેની રહી જ છે, ઘણી વખત તેઓ માથાભારેપણુ કરી જાય છે પરંતુ બીજી ટર્મમાં તો તેમણે હદ વટાવી દીધી છે. આવતાની સાથે તેમણે ઇમિગ્રેશન અને ટેરિફના મામલે આડેધડ પગલા ભરવા માંડ્યા. ઇમિગ્રેશન બાબતે કડકાઇઓને કારણે અમેરિકાભરના ઇમિગ્રન્ટોમાં તેઓ અળખામણા બન્યા. ભારત સહિત અનેક દેશો પર તેમણે આકરા આયાત વેરા (ટેરિફ) ઝિંક્યા અને હજી તો વધુ ટેરિફની ધમકીઓ આપી રહ્યા છે. ત્યારબાદ તેમણે વેનેઝુએલાના મામલે તો હદ વટાવી. આ નબળા લેટિન અમેરિકન દેશ પર હુમલો કરીને તેના સત્તાવાર પ્રમુખને તે જાણે કોઇ મામૂલી અપરાધી હોય તે રીતે સજોડે ધરપકડ કરાવીને અમેરિકા લઇ આવ્યા. તેના પછી અન્ય લેટિન અમેરિકન દેશો કોલંબિયા, મેક્સિકો, ક્યુબાને ધમકીઓ આપવા માંડ્યા. ઇરાનમાં દખલગીરી કરવા આગળ વધ્યા અને ગ્રીનલેન્ડના મામલે તો રીતસરની ખુલ્લી દાદાગીરી કરવા માંડ્યા છે. એક સાર્વભૌમ દેશને તેની સરકાર અને પ્રજાની ઇચ્છા વિરુદ્ધ અમેરિકાના કબજામાં લઇ લેવાની વાત કરી રહ્યા છે.

દુનિયાની યુએનની પેટા સંસ્થાઓ સહિત અનેક સંસ્થાઓમા્થી ટ્રમ્પે અમેરિકાને પાછુ ખેંચી લીધું છે. ગ્રીનલેન્ડના મામલે તેઓ ઉત્તરીય એટલાન્ટિક વિસ્તારના દેશોના લશ્કરી સંગઠન નાટોની પણ ઘરાર અવગણના કરવા માંડ્યા છે. પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રવિવારે રાત્રે જણાવ્યું હતું કે નાટો (NATO)ને અમેરિકાની જરૂરિયાત 'આપણી તેમના પ્રત્યેની જરૂરિયાત કરતા વધુ' છે. પત્રકારો સાથે વાત કરતા ટ્રમ્પને પૂછવામાં આવ્યું હતું કે શું ગ્રીનલેન્ડ લેવાથી ગઠબંધન સાથેના સંબંધોને નુકસાન થઇ શકે છે. ટ્રમ્પે કહ્યું, 'જો તે નાટોને અસર કરતું હોય, તો ભલે કરે. પરંતુ, તમે જાણો છો કે તેમને આપણી જરૂરિયાત વધુ છે, હું અત્યારે તમને આ કહી રહ્યો છું.' નાટો સંગઠનની ઠેકડી ઉડાડીને તેઓ યુરોપિયન દેશોમાં અળખામણા બનવા માંડ્યા છે. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું તેમણે ગ્રીનલેન્ડ અથવા ડેનમાર્કને કોઈ સત્તાવાર પ્રસ્તાવ આપ્યો છે, ત્યારે ટ્રમ્પે કહ્યું કે તેમણે હજી સુધી નથી આપ્યો - પરંતુ ત્યારબાદ તેમણે આ ટાપુની સુરક્ષા અંગે ગંભીર આકલન રજૂ કર્યું હતું. ટ્રમ્પે કહ્યું, 'ગ્રીનલેન્ડે આ સોદો કરી લેવો જોઈએ કારણ કે ગ્રીનલેન્ડ રશિયા કે ચીનને કબજો કરતા જોવા માંગતું નથી. ડેન્માર્કના લશ્કરની દેખીતી ઠેકડી ઉડાવતા ટ્રમ્પે કહ્યું હતું કે ગ્રીનલેન્ડની સંરક્ષણ વ્યવસ્થામાં મૂળભૂત રીતે માત્ર બે ડોગસ્લેજ (કૂતરા દ્વારા ખેંચાતી ગાડીઓ) જ છે. તે દરમિયાન, તમારી પાસે બધી જગ્યાએ રશિયન વિનાશક જહાજો ફરે છે.' અત્રે ઉલ્લેખનીય છે કે ગ્રીનલેન્ડના સંરક્ષણની જવાબદારી ડેન્માર્ક પાસે છે, જેનું લશ્કર ઘણુ નાનુ છે. રશિયા અને ચીને ક્યારેય ગ્રીનલેન્ડને પોતાના કબજામાં લેવાની વાત કરી નથી પરંતુ આ દેશો ગ્રીનલેન્ડ પર કબજો જમાવશે એવુ કહીને ટ્રમ્પ એક હાઉ ઉભો કરીને ગ્રીનલેન્ડને પોતાના કબજામાં લેવા માગે છે.

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પોતાની જાતને વેનેઝુએલાના 'એક્ટિંગ પ્રેસિડેન્ટ' (કાર્યકારી પ્રમુખ) જાહેર કર્યા છે. આ જ મહિને અમેરિકાએ વેનેઝુએલાના પ્રમુખ નિકોલસ માદુરોને એક હુમલા બાદ પકડી પાડ્યા હતા અને હવે તેમની સામે અમેરિકામાં ડ્રગ્સની હેરાફેરી સહિતના અનેક આરોપો હેઠળ કેસ ચલાવવામાં આવશે.

પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એક પોસ્ટ દ્વારા ડિજિટલ રીતે ફેરફાર કરેલી તસવીર શેર કરી છે, જેમાં દાવો કરવામાં આવ્યો છે કે તેઓ વેનેઝુએલાના કાર્યકારી પ્રમુખ છે. ટ્રુથ સોશિયલ પ્લેટફોર્મ પર ડોનાલ્ડ ટ્રમ્પે વિકિપીડિયાના ઓફિશિયલ પેજ સાથે આ એડિટ કરેલી ઈમેજ પોસ્ટ કરી છે, જેમાં તેમના ઓફિશિયલ પોર્ટ્રેટનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તેની નીચે વેનેઝુએલાના એક્ટિંગ પ્રેસિડેન્ટ લખેલું છે. જો કે આ મજાકમાં કર્યુ હોવાનું જણાઇ આવે છે છતાં તેમાં આંતરરાષ્ટ્રીય નિયમોની એસીતેસી કરવાની વૃતિ તો દેખાઇ જ આવે છે. છેલ્લા કેટલાક સમયમાં ટ્રમ્પે કરેલા ઉચ્ચારણો જુઓ. તેઓ કહે છે કે અમેરિકાને દુનિયામાં કોઇ અટકાવી શકે તેમ નથી. ફક્ત મારી નૈતિકતા જ મને વિશ્વમાં ક્યાંય હુમલા કરતા અટકાવી શકે છે એમ ટ્રમ્પ કહે છે. આમાં તેમનું નર્યું અભિમાન છતું થાય છે. જો આવું જ તેમનું વર્તન રહેશે તો કિમ જોંગ જેવો કોઇ માથાભારે તેમને ભારે પડી જશે. અને દુનિયાના બધા નહીં તો મોટા ભાગના દેશો ભેગા થઇને અમેરિકા પર પ્રતિબંધો લાદે તો અમેરિકા ઘૂંટણિયે આવી શકે છે.

સંસ્કારનાં બીજ

એક પ્રસંગ : એક મોટી કાર બજારમાં આવીને ઊભી રહી. મોબાઈલમાં વાત કરવામાં વ્યસ્ત મેડમે પોતાની દીકરીને કહ્યું, ''જા, જઈને પેલી શાકવાળીને પૂછ. એક કિલો બટાટાના કેટલા પૈસા?'' નાનકડી છોકરી ગાડીમાંથી ઊતરીને પૂછ્યું, ''એ શાકવાળી, એક કિલો બટાટાના કેટલા પૈસા?'' શાકવાળીએ પ્રેમથી કહ્યું, ''૪૦ રૂપિયે કિલો બેબીજી.''

બેબી તો એક કિલો બટાટા લઇ ૧૦૦ની નોટ શાકવાળી તરફ ફેંકી કારમાં બેસી ગઇ અને કાર ચાલુ થઇ ગઇ. મમ્મી હજી મોબાઈલમાં વાત જ કરી રહી હતી. આ બાજુ શાકવાળી, ''બેબીજી, તમારા પૈસા ...''એમ બૂમ પાડતી જ રહી ગઇ. શાકવાળીએ તરત પોતાની બાજુમાં ભણતી દીકરીને કહ્યું, ''જા જલ્દી દોડીને પેલી કાર સિગ્નલ પાસે જ હશે, પૈસા આપી આવ.''

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

નાનકડી છોકરી હાથમાં ૬૦ રૂપિયા લઈને દોડી અને સિગ્નલમાં ઊભેલી કાર પાસે જઈને બારીના કાચ પર ઠક ઠક કરી...પેલા મેડમે તેને ભિખારી સમજી હડધૂત કરતાં કહ્યું, ''દૂર જા...'' પેલી છોકરીએ ફરી કાચ ખટખટાવ્યો અને પેલા મેડમે તેને ખીજવા કાચ ખોલ્યો એટલે તેણે તરત કહ્યું, ''આન્ટીજી, આ લો તમારા ૬૦ રૂપિયા. તમારી દીકરી છુટ્ટા પૈસા પાછા લેવાનું ભૂલી ગઈ હતી.'' કારમાં બેઠેલાં મેડમ બોલ્યાં, ''વાંધો નહિ તું રાખી લે ..'' પેલી છોકરીએ કહ્યું, ''ના, ના, આન્ટી મારી મમ્મીએ તમને આપવા કહ્યું છે એટલે તમે આ લઇ લો અને તમારો આભાર કે તમે અમારે ત્યાં શાક લેવા આવ્યાં. આમ જ આવતાં રહેજો.'' એટલું કહી ૬૦ રૂપિયા આપી તે પાછી ફરી ગઈ.

આ એક અનોખા વિરોધાભાસથી ભરેલો નાનકડો પ્રસંગ, જેમાં પોતાને ભણેલા ગણેલા માનનારા, અમીર, કારમાં ફરનારા, હાઈ સોસાયટીના સભ્ય ગણાતાં મોમ અને ડોટરની અસંસ્કારિતા, તેમનાં વર્તન, બોલચાલની અશિષ્ટ ભાષા, છોકરીને ભિખારી સમજવાની સમજ બધાને સામેવાળાને પોતાનાથી તુચ્છ માની લેવાની વૃત્તિમાંથી છલકાય છે અને રસ્તામાં પર વેચી, મહેનત કરી કમાતા, ગરીબ સમાજના નીચલા વર્ગના ગણાતાં, મા દીકરીના સંસ્કારોની અમીરી તેમની પ્રેમાળ ભાષા, ઈમાનદાર વર્તનમાંથી છલકાય છે. એક માતા પોતાના વર્તનથી પોતાની દીકરીમાં શિષ્ટાચાર, ઈમાનદારી, મોટાનું માન જાળવવાની રીત જેવા સાચા સંસ્કારનું સિંચન કરી રહી હતી અને બીજી માતા પોતાના વર્તનથી જાણે અજાણે પોતાની દીકરીના મનમાં અમીર -ગરીબ અને મોટા નાના, અશિષ્ટતાનાં બીજ વાવી રહી હતી.

હરતું ફરતું આનંદિત શરીર સ્વયં તંદુરસ્તીની નિશાની છે

અવારનવાર

ડો.નાનક ભટ્ટ

આજકાલ શહેરોમા ટ્રાફિક, પોલ્યુશન, નાના આવાસો, કુટુંબનાં બાળકોથી લઈ દીકરાની વહુ સુધી સહુની વ્યસ્તતા વચ્ચે ઘરનાં વડીલોને રસ્તો ઓળંગી બગીચા સુધી કોણ લઈ જાય! વડીલો એકાદ બસ કે રીક્ષા કરી દેવદર્શને પણ કેમ કરી જાય? પાકટ ઉંમરે તબિયતનું જરા નરમ-ગરમ રહેવાનું અને ડોક્ટર પાસે જઈએ એટલે કડક ભાષામાં સૂચના મળે ''કસરત'' આ કાનામાત્રા વિનાની પ્રવૃત્તિ નહીં અપનાવો તો કાનામાત્રા વિના નરકમાં પહોંચી જવું પડશે! આજકાલ બને પણ કેવું, જોગર્સ પાર્કમાં ચાલવા માટે ઘર બહાર નીકળ્યાં હોઈએ ત્યારે જ સાઈડમાંથી ઓવરટેક કરતું વાહન પછાડે અને થાપાનો જોડ ભાંગે. ઘડિયાળના કાંટે બે કિલોમીટર ચાલી દુકાને પહોંચી બપોરનું સાત્ત્વિક ભોજન દુકાનમાં જ લેનાર વ્યાપારીને પણ બજારના પોલ્યુશનના કારણે ફેફસાંમાં ૭૬ % કંજેશન વ્યાપી જાય.

સ્વાસ્થ્યનો પ્રથમ આધાર પોષક આહાર છે. એક વયસ્ક વ્યક્તિએ પોતાના દિવસભરના ખોરાકમાં ૧૩૫ થી ૧૫૦ ગ્રામ તાજા શાકભાજી અને સીઝનલ ફ્રૂટ લેવાનું રાખવું જોઈએ. લીલાંછમ અને આકારમા સામાન્યથી મોટાં દેખાતાં ફળ, શાકભાજી ઓક્સીટોસીન અને કોપર સલ્ફેટની કેમીકલ ટ્રીટમેન્ટમાંથી પસાર કરેલાં જોવા મળે છે, પરંતુ ચીન કે ઓસ્ટ્રેલિયા જેવા દૂરના દેશોમાંથી આવતા ફળ-શાકભાજીમાંથી પાણીનું પ્રમાણ ઘટી ન જાય તે માટે વેકસ કોટ કરવામાં આવે છે. આવી અશુધ્ધિ સાથેના ખોરાકનું સેવન કરવાથી ફેફસાં અને લીવરને ભારે નુકસાન થાય છે. આથી ફળ-શાકભાજીને ઉપયોગમાં લેતાં પહેલાં ૩ થી ૪ કલાક ચોખ્ખા પાણીમાં પલાળી રાખવા, છાલ કાઢી નાખવી અને પ્રેશરકૂકરમાં વરાળના દબાણ વચ્ચે બાફી ખાવાનું રાખવું.

૬૦ વર્ષ પછી માણસની ૧.૫૦ કિલોગ્રામથી ૧.૮૦ કિલોગ્રામ સુધીનો ખોરાક પચાવી શકે છે. મનની ભૂખથી આરોગેલો વધારાનો બધો જ આહાર શરીર માટે બહાર નીકળતાં સુધી બોજ બની રહે છે. ઈંગ્લેન્ડમાં જેલના કેદીઓ ઉપરના અભ્યાસથી જાણવા મળેલ છે કે જેઓને ૧ વર્ષ સુધી જંક ફૂડ ઉપર રાખવામાં આવેલ તેઓની ગ્રહણશક્તિમાં ઘટાડો થયો અને સામુહિક વર્તનમાં અશિસ્ત વધી અને જે ગુનેગારોને ચરબી, કાર્બોહાઈડ્રેટ, મીનરલ, પોટિન, વિટામીનની સમતુલાવાળો તાજો ખોરાક આપવામાં આવતાં તેઓમાં શીખવાની અને પરસ્પરને સહકાર આપવાની વૃત્તિમાં વધારો થયો. આપણે ત્યાં પ્રચલિત કહેવત છે, "અન્ન તેવો ઓડકાર'' આ ઓડકાર તે ખોરાકની શરીર ઉપરની અસર છે. વનપ્રવેશ થઈ ચૂક્યો હોય છે, ત્યારે રોગપ્રતિકારક શક્તિ ઘટી જાય છે. વૃધ્ધોએ ઔષધીઓનો આધાર લેવો પડે છે. પરંતુ મેડીસીન સાયન્સ કહે છે, "ધેરીઝ ઈફેકટ, ધેરીઝ એ સાઈડ ઈફેકટ.'' સિક્કાની બીજી બાજુ પણ હોવાની જ. આથી ડોકટરના પ્રિસ્ક્રિપ્શન વિના મળતી દવાઓ પણ ચણા-મમરા માફક ન લેવી. જરા અમસ્તી શરદી, શરીરને દુખાવામાં એસ્પિરિન લઈએ છીએ. પરંતુ ટેબલેટમાં રહેલ સ્ટરોડાઈલ એન્ટી ઈન્ફલમટરી ડ્રગ્સથી લાંબે ગાળે લીવરમાં અલ્સર થાય છે. ચામડી ઉપર લાલ ચાંઠાં પડે છે અને ચળ આવે છે. આથી ડોક્ટરની સલાહ વિના છાપાં-ટી.વી.ની જાહેરાતના આધારે લેશો નહીં. રોગનો ઉપાય કરતાં પહેલાં તેનું કારણ જાણવાનો પ્રયત્ન કરે.

સ્ત્રીપુરુષોમાં ૫૦-૬૦ વર્ષ પછી શરીર બહારથી કંઈ ફેરફાર નોંધતું નથી પરંતુ વ્યક્તિ વધુ સંવેદનશીલ બની જાય છે. રોગપ્રતિકારક શક્તિ ઘટી જાય છે. શરીરના મસલ્સ શિથિલ થવા લાગે છે અને મગજના સંદેશાઓનાં અમલમાં થોડી ઢીલાશ આવે છે. શરીર કેટલાંક જરૂરી તત્ત્વો ખોરાકમાંથી છૂટા પાડવાની ક્ષમતા ગુમાવી દે છે. આવા પ્રાકૃતિક ફેરફારવશાત્ વ્યક્તિનો દિવસભરનો પરિશ્રમ ઘટે છે. પરાવલંબી અવસ્થાના લીધે ખોરાક લેવામાં અ-નિયમितता વધે છે અને સરવાળે એસીડીટીની ફરિયાદ રહે છે, ક્યારેક માથું છાતી, પેટમાં દુખાવો, બળતરા અનુભવાય છે પણ તેથી ગભરાયા વિના મનને મજબૂત રાખો. પ્રથમ તીખું, તળેલું, ખાટું, આથો લાવીને બનાવેલ વાનગી ઓછી કરવી. શરીરના દુખાવા માટેની, કેલ્શિયમ ચેનલની દવાઓ લેવાનું ઘટાડવું. તમાકુનું કોઈ પણ પ્રકારનું સેવન બંધ કરવું. આમ છતાં ફરિયાદ રહે તો ડોક્ટરની સલાહ અનુસાર સવારનો પૌષ્ટિક નાસ્તો અને રાત્રે માત્ર શાકભાજીના સૂપ સાથે ૨-ખાખરા ખાવાથી સ્વાસ્થ્ય સારું રહેશે.

મેયો કિલનિક પ્રોસીડિંગ્સ અહેવાલ અનુસાર શહેરોમાં નાગરિકો અઠવાડિયામાં સરેરાશ ૧૮થી ૨૩ કલાક ટી.વી. સામે બેસી રહે છે. આથી લેવાયેલ ખોરાકમાંથી ૨૭૫ થી ૩૮ યુનિટ કેલેરી વણવપરાયેલી પડી રહે છે. જે ફેટમાં કન્વર્ટ થતાં સાંધાના દુખાવા, હાડકામાં કળતર, લોહીના પરિભ્રમણના અટકાવના પ્રશ્નો ઊભા કરે છે. ધ્યાન રહે મસ્તિષ્કની ૬૨ લાખ પેશીઓ સક્રિય રહે છે. આથી વધતી ઉંમરે મગજને લોહીના પરિભ્રમણથી પૂરતો ઓક્સિજન મળે તે જરૂરી છે. આ માટે સવારે ઊઠી પથારીમાં બેસીને અથવા સૂતાં-સૂતાં લાંબા શ્વાસની કસરત કરો. પાણીની ખાલી પ્લાસ્ટીક બોટલમાં શક્ય દબાણથી હવા ભરવાની કસરત થઈ શકે છે. તે પછી પથારીમાં ક્રમશઃ પગ અને હાથ ઊંચા કરે. શયનખંડની બે દીવાલોને અડવાનું છે તેવી ચેષ્ટાથી શરીરને ખેંચો. જમણે-ડાબે પડખે ફરો. ઊંધા સૂવાનું શક્ય હોય તો પથારીમાં જ ઊંધા સૂઈ ક્રમશઃ હાથ-પગ અને પછી કમરથી ઊંચા થવા પ્રયત્ન કરો. સવારનો ચા-નાસ્તો પૂરો થયા પછી ફરવા જવાનો સમય થયો છે તેમ જાણી બંને હથેળીઓ સામ-સામે ઘસવાની, ખભામાંથી હાથ ગોળ-ગોળ ફેરવવાની, કમરથી આગળ-પાછળ નમવાની, ઘૂંટણથી પગને પાછળ વાળવાની, સાથળમાંથી પગને ઊંચા કરવાની કસરત કરો. સ્નાન કરતાં પહેલાં અનુકૂળ હોય તો તેલ ક્રીમથી શરીરને માલિશ કરો. અન્યથા નહાતાં સાથે સાબુના ફીણ થાય તેમ શરીરને મસાજ આપી પાણી વડે ઘસીને સાફ કરો. શરીરના મસલ્સ, લોહીની નળીઓ માટે આ પ્રકારની ઉષ્માપ્રેરક કસરત લોહીનું પરિભ્રમણ વધારશે. શરીરમાં લચીલાપણું જળવાઈ રહેશે.હરતું-ફરતું પોતાનું કામ કરતું આનંદિત શરીર સ્વયં તંદુરસ્તીની નિશાની છે. મહાત્મા ગાંધીએ આશ્રમ ભજનાવલીની પ્રસ્તાવનામાં લખ્યું છે, "કોઈએ ઘરકામ છોડીને ઈશ્વરસ્મરણ માટે બેસવાની જરૂર નથી." શરીરસ્વાસ્થ્ય માટે જોગર્સપાર્ક, કોઈ કલબમાં જવાને બદલે રોજબરોજના જીવન સાથે જ આહાર, નિદ્રા, વ્યાયામ અને મનની સ્વસ્થતાના કાર્યક્રમો જોડી દઈશું તો આયુષ્ય આનંદમય અને મૃત્યુ સુખસભર બની રહેશે.

વનપ્રવેશ બાદ રોગપ્રતિકારક શક્તિ ઘટી જાય છે. વૃધ્ધોએ ઔષધીઓનો આધાર લેવો પડે છે. પરંતુ સિક્કાની બીજી બાજુ પણ હોવાની જ. આથી ડોકટરના પ્રિસ્ક્રિપ્શન વિના મળતી દવાઓ પણ ચણા-મમરા માફક ન લેવી

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

મોદી ટ્રમ્પ સામે ઝૂક્યા કે નહીં?

ટ્રમ્પ ભારતના કૃષિ ક્ષેત્રમાં વધુ પ્રવેશ માટે દબાણ કરી રહ્યા છે, પરંતુ મોદીએ તેનું જોરદાર રક્ષણ કર્યું છે

ફિંગર પ્રિન્ટ

શેખર ઐયર

યુએસ કોમર્સ સેક્રેટરી હોવર્ડ લુટનિકે પોડકાસ્ટ ઈન્ટરવ્યૂમાં ખુલાસો કર્યો છે કે, ભારત સાથે ટ્રેડ ડીલ એટલા માટે થઈ નથી કારણ કે વડા પ્રધાન મોદીએ રાષ્ટ્રપતિ ટ્રમ્પને ફોન કર્યો નથી જેઓ તેમના ફોનની રાહ જોઈ રહ્યા હતા.

લુટનિકે કહ્યું કે, એવી અપેક્ષા હતી કે ભારત સાથેની ડીલ ઈન્ડોનેશિયા અથવા ફિલિપાઈન્સ સાથેની ડીલ પહેલાં પૂર્ણ થઈ જશે, જે જુલાઈ 2025માં ફાઈનલ થઈ હતી, પરંતુ આ પ્રયાસ નિષ્ફળ ગયો કારણ કે મોદી અને ટ્રમ્પ વચ્ચે કોલ કરવાને લઈને ભારત 'અનકમ્ફર્ટેબલ' હતું.

યુએસ કોમર્સ સેક્રેટરીએ કહ્યું કે, ભારતને વાટાઘાટોને અંતિમ સ્વરૂપ આપવા માટે સ્પષ્ટ અને સમય-સીમાવાળી 'ત્રણ શુક્રવાર' આપવામાં આવી હતી, પરંતુ ભારત સરકાર આનાથી સહમત ન હતી અને મોદીએ આખરે ફોન કર્યો નહીં.

પ્રશ્ન એ છે કેઃ ટ્રમ્પ એવું કેમ ઈચ્છતા હતા કે, ડીલ ફાઈનલ થાય તે પહેલાં મોદી ફોન કરે અને મોદીએ તેમને ફોન કેમ ન કર્યો?

ટ્રમ્પ હવે ભારત પર દબાણ લાવવા માટે અન્ય સાધનોનો ઉપયોગ કરી રહ્યા છે, જેમાં રશિયન ધ્વજવાળાં તેલ ટેન્કરો જપ્ત કરીને અને રશિયાનું તેલ ખરીદતા ભારત અને ચીન જેવા દેશો પર 500 ટકા સુધી ટેરિફ લાદવાના બિલ પર હસ્તાક્ષર કરીને. શું તે ભારત અને ઓસ્ટ્રેલિયા જેવા દેશોને અમેરિકા સાથેની ડીલ માટે સંમત થવા માટે દબાણ કરવાની વ્યૂહરચનાનો ભાગ છે?

લુટનિકના મતે, અમેરિકા ભારત સાથેના ડ્રાફ્ટ ટ્રેડ ડીલ હેઠળ ઓછી ટેરિફ લાદવા તૈયાર હતું, પરંતુ અંતિમ શરત એ હતી કે વડા પ્રધાન મોદી ટ્રમ્પને ફોન કરે. યુકે સમક્ષ પણ આ જ ફોન કોલની શરત મૂકવામાં આવી હતી અને બ્રિટિશ વડા પ્રધાન કીર સ્ટાર્મરે તરત જ ટ્રમ્પને ફોન કર્યો અને તેમની ડીલ ફાઈનલ થઈ ગઈ. બે દિવસ પહેલાં રિપબ્લિકન પાર્ટીના સાંસદોને સંબોધતી વખતે ટ્રમ્પનો દુભાયેલો અહંકાર સ્પષ્ટપણે દેખાઈ રહ્યો હતો. ટ્રમ્પે કહ્યું હતું કે તેઓ જાણે છે કે આજકાલ મોદી તેમનાથી ખુશ નથી. ટ્રમ્પે કારણ જાહેર કર્યું ન હતું, પરંતુ તેમના કોમર્સ સેક્રેટરીએ જ આ રહસ્ય ઉજાગર કરી દીધું.

ભારતના વિદેશ મંત્રાલયે લુટનિકના ખુલાસા પર રાજદ્વારી પ્રતિભાવ આપ્યો છે. મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું, '' રિપોર્ટમાં જે ચર્ચાઓનું વર્ણન કરવામાં આવ્યું છે તે સાચું નથી.'' જયસ્વાલે કહ્યું, ''અમે બે પૂરક અર્થતંત્રો વચ્ચે પરસ્પર ફાયદાકારક ટ્રેડ ડીલમાં રસ ધરાવીએ છીએ અને તેને પૂર્ણ કરવા માટે આતુર છીએ. આમ પણ વડા પ્રધાન મોદી અને રાષ્ટ્રપતિ ટ્રમ્પે 2025 દરમિયાન આઠ વખત ફોન પર વાત પણ કરી છે, જેમાં અમારી વ્યાપક ભાગીદારીનાં વિવિધ પાસાંઓને આવરી લેવામાં આવ્યાં છે.''

રશિયન તેલ ખરીદતા દેશો પર 500 ટકા સુધીની ટેરિફ લાદવાના યુએસ બિલ અંગે પ્રવક્તાએ કહ્યું કે, કયો કાયદો બનાવવો અને કેટલી ઊંચી ટેરિફ લાદવી તે અમેરિકાએ નક્કી કરવાનું છે, પરંતુ ભારત તેની ઊર્જા જરૂરિયાતો અને વિશ્વ બજારના આધારે નિર્ણયો લે છે. અન્ય દેશો શું કરી રહ્યા છે તેનાથી અમને કોઈ ફરક પડતો નથી. યુએસ કોમર્સ સેક્રેટરીની ટિપ્પણીથી એ સ્પષ્ટ થાય છે કે મોદી ટ્રમ્પના દબાણમાં ઝૂક્યા નથી. ભારત યુએસ દબાણ સમક્ષ ઝૂક્યું નથી.

મોદી માટે ભારતનું આત્મસન્માન સર્વોચ્ચ છે અને ટ્રેડ ડીલ કરતાં વધુ મહત્ત્વપૂર્ણ છે. ભારત આજે વિશ્વનું ચોથું સૌથી મોટું અર્થતંત્ર છે. તેથી, કોઈ એવી દલીલ કરી શકે છે કે મોદીને કોઈ ઝૂકાવી શકે નહીં, કે ન તો ભારતને પ્રગતિ તરફ આગળ વધતાં કોઈ રોકી શકે.

આપણે યાદ રાખવું પડશે કે, ટ્રમ્પે ગયા વર્ષે ઓગસ્ટમાં વાટાઘાટો અટકી ગયા પછી ભારતીય માલ પર ૫૦% ટેરિફ લાદી હતી, જેમાં રશિયન તેલ ખરીદવા બદલ દંડનો પણ સમાવેશ થાય છે. બંને પક્ષો હવે ડીલ કરવા માટે વાટાઘાટો કરવા પાછા ફર્યા છે, પરંતુ તે ક્યારે સાકાર થશે તે અંગે કોઈ સ્પષ્ટતા નથી અને ઘણી અનૌપચારિક ડેડલાઈન છૂટી ગઈ છે. કૃષિ સહિત મુખ્ય મુદ્દાઓ બાકી છે. ટ્રમ્પ ભારતના કૃષિ ક્ષેત્રમાં વધુ પ્રવેશ માટે દબાણ કરી રહ્યા છે, પરંતુ મોદીએ તેનું જોરદાર રક્ષણ કર્યું છે. ડિસેમ્બરમાં, યુનાઈટેડ સ્ટેટ્સના ટ્રેડ પ્રતિનિધિ જેમીસન ગ્રીરે વોશિંગ્ટનમાં સેનેટરોને જણાવ્યું હતું કે, અમેરિકાને ભારત તરફથી 'અત્યાર સુધીની શ્રેષ્ઠ ઓફર' મળી છે. તેને તેમણે ભારત માટે મુશ્કેલ પણ ગણાવ્યું. ટ્રમ્પે તાજેતરના દિવસોમાં ભારત અને મોદી વિશે ઘણી ટિપ્પણીઓ પણ કરી છે, જેમાં દિલ્હી જો રશિયન તેલ ખરીદવાનું બંધ નહીં કરે તો ટેરિફમાં વધારો કરવાની ચેતવણીનો પણ સમાવેશ થાય છે. યુક્રેન યુદ્ધ પછી ભારતે રશિયા પાસેથી સસ્તા તેલની ખરીદીમાં વધારો કર્યો છે. ટ્રમ્પ નિઃશંકપણે ગુસ્સે છે કે ભારતે મે મહિનામાં ચાર દિવસના સંઘર્ષ પછી ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામમાં મધ્યસ્થી કરવાના તેમના દાવાઓને વારંવાર નકારી કાઢ્યા છે. જૂનમાં, ભારતે કહ્યું હતું કે મોદીએ ટ્રમ્પને કહ્યું હતું કે દિલ્હી કાશ્મીરના મુદ્દા પર પાકિસ્તાન સાથે ક્યારેય ત્રીજા પક્ષની મધ્યસ્થી સ્વીકારશે નહીં. જો કે, ટ્રમ્પના દાવાનો ઉપયોગ પાકિસ્તાન દ્વારા આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાની ઈજ્જત બચાવવા માટે અને વિપક્ષી નેતા રાહુલ ગાંધીએ મોદી પર હુમલો કરવા માટે કર્યો છે. જો કે, એપ્રિલમાં પહેલગામ હુમલા પછી અથવા મે મહિનામાં ઓપરેશન સિંદૂર દરમિયાન ટ્રમ્પ અને મોદી વચ્ચે કોઈ ફોન કોલ થયો ન હતો. ટ્રમ્પે મોદી સાથે ફોન પર વાત કરવાના ઓછામાં ઓછા ચાર પ્રયાસો કર્યા હોવા છતાં જર્મન અખબાર ફ્રેન્કફર્ટર ઓલ્ગેમાઈન (FAZ)ના ઓગસ્ટ 2025ના અહેવાલ મુજબ, આપણા વડા પ્રધાન તેમની સાથે વાત કરતા ન હતા.

ત્યારથી, બંને નેતાઓએ કેટલીક વખત ફોન પર વાત કરી છે, જેમાં સપ્ટેમ્બરમાં ટ્રમ્પે મોદીને તેમના જન્મદિવસ પર શુભેચ્છા પાઠવવા માટે ફોન કર્યો હતો.

જો કે, ટ્રેડ ડીલ પર મોદી તરફથી તે અપેક્ષિત ફોન ન મળવાથી ટ્રમ્પને કેટલાક બડાઈ મારવાનો મોકો નહીં મળ્યો હશે અને તેમના વધેલા અહંકારને ઠેસ પહોંચી હશે. હવે, ટ્રમ્પ ભારત પર 500% દંડાત્મક ટેરિફ લાદવાની ધમકી આપી રહ્યા છે અને શેરબજાર આટલી ઊંચાઈ પર પહોંચ્યા પછી ડગમગી રહ્યું છે. યુએસ રાષ્ટ્રપતિના ટ્રેક રેકોર્ડને જોતાં મોદી ટ્રમ્પને ફોન ન કરે તે આશ્ચર્યજનક લાગશે નહીં. ટ્રમ્પને ફોન ન કરવો એ એક સમજદારીભર્યો નિર્ણય છે. ટ્રમ્પ વારંવાર ઉતાવળ કરી ચૂક્યા છે, એકતરફી વાતચીત વિશે બોલ્યા છે. વિશ્વ-નેતાઓએ તેમનાં રાષ્ટ્રોની પ્રાથમિકતાઓને પૂર્ણ કરતી વખતે તેમની વૈશ્વિક અને ઘરેલું છબી જાળવી રાખવાની જરૂર છે.

ટ્રેડ ડીલ પર મોદી તરફથી ફોન ન મળવાથી ટ્રમ્પને કેટલીક બડાઈ મારવાનો મોકો નહીં મળ્યો હશે અને તેમના વધેલા અહંકારને ઠેસ પહોંચી હશે. હવે, ટ્રમ્પ ભારત પર 500% ટેરિફ લાદવાની ધમકી આપી રહ્યા છે

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

સુરત માટે ઉપયોગી નેતાઓની જરૂર છે

સુરતના ધારાસભ્યો અને સંસદસભ્યો સરકારના મંત્રીમંડળમાં સ્થાન પામ્યા છે પરંતુ શહેરના હિતના કોઇ નોંધપાત્ર કામો કરી શક્યા નથી. શહેરના લોકોને વર્ષો થયે સરકારના અત્યંત અન્યાયપૂર્વક વર્તનથી હેરાન થાય છે. શહેરનાં ત્રણ મૂળભૂત સ્થળો જેવાં કે સેન્ટ્રલ બસ સ્ટેશન, રેલ્વે સ્ટેશન તથા એરપોર્ટ દયનીય હાલતમાં છે. 80 લાખથી વધુની વસ્તીના શહેરના એક પણ આંતરરાષ્ટ્રીય કક્ષાનું સ્ટેડિયમ નથી તથા એક પણ ઉચ્ચ કક્ષાનું પર્યટન સ્થળ વિકસાવવામાં આવ્યું નથી. આટલી મોટી વસ્તી હોવા છતાં સરકારી મહાવિદ્યાલયોની સંખ્યા ખૂબ જ ઓછી છે. અડધા રન વેના એરપોર્ટને કારણે શહેરના ઉદ્યોગધંધા અને પર્યટનનો વિકાસ રૂંધાય છે. સુરત કરતાં દશમા ભાગના રાજકોટ, વડોદરા તથા ભાવનગર શહેરોને અનેકગણી સગવડો પ્રાપ્ત થાય છે. સુરતને ચંદ્રબાબુ નાયડુ (હૈદ્રરાબાદ) વિજય રૂપાણી (રાજકોટ) અને અશોક ગેહલોત (જોધપુર) જેવા નેતાની અત્યંત જરૂર છે. શહેરના હાલના ધારાસભ્યો તથા સસંદસભ્યો ફક્ત સુરત મહાનગરપાલિકાનાં વિકાસ કામોની રીબીન કાપીને તથા એવોર્ડ મેળવીને ખુશ થાય છે. નાય